# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-03-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છ યુનિવર્સિટી-રેપિડ ટેસ્ટ પદ્ધતિ:

કચ્છ યુનિવર્સિટીએ ઘઉંની ક્વોલિટી ઝડપથી જાણવા માટે વિકસાવેલી 'રેપિડ ટેસ્ટ પદ્ધતિ'ને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦ વર્ષ માટે પેટન્ટ એનાયત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧માં ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રીય સ્પર્ધામાં એનાલિટિકલ કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓ કૌશિકી બેનરજી અને જય જોશીએ ડો. વિજય રામ અને ડો. ગિરિન બક્ષીના માર્ગદર્શન હેઠળ આ પદ્ધતિ વિકસાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સફળતાને રાજ્ય માટે ગૌરવરૂપ ગણાવી "જય અનુસંધાન"ના નારાને સાર્થક કરવા બદલ ટીમની પ્રશંસા કરી હતી. FCIના ૨૫૦૦ જેટલા ગોડાઉનોમાં સંગ્રહિત અનાજની ગુણવત્તા તપાસવા માટે આ શોધ અત્યંત ઉપયોગી સાબિત થશે. આગામી સમયમાં આ પેટન્ટનું કોમર્શિયલ લાયસેન્સિંગ પણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## 'પોષણ સંગમ' સમીક્ષા બેઠક:

કચ્છ જિલ્લામાં કુપોષિત બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને 'પોષણ સંગમ' સમીક્ષા બેઠક અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ICDS અને આરોગ્ય વિભાગના સંકલન દ્વારા 'સમુદાય આધારિત કુપોષિત બાળકોનું વ્યવસ્થાપન' (C-MAM) કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવી હતી. DDO ઉત્સવ ગૌતમે બંને વિભાગોને સાથે મળી પાયાના સ્તરે સઘન કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું. અગાઉની બે બેચની સફળતા બાદ, હવે સગર્ભા, ધાત્રી માતાઓ

અને ૦ થી ૧૮ વર્ષના બાળકોના પોષણ સ્તરને સુધારવા પર ભાર મુકાયો છે. વર્કશોપમાં જિલ્લા અને તાલુકા કક્ષાના આરોગ્ય અને ICDS અધિકારીઓએ ઉપસ્થિત રહી આગામી આયોજન અને પ્રોટોકોલ અંગે તાલીમ મેળવી હતી.

---

## હવામાન:

કચ્છ જિલ્લાના વાતાવરણમાં આજે અચાનક પલટો જોવા મળ્યો હતો. બપોર સુધી આકરા તાપ અને ગરમી અનુભવ્યા બાદ વાતાવરણમાં આવેલા પલટાને કારણે ભુજ અને આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો. ખાસ કરીને ભુજના માધાપર વિસ્તારમાં વરસાદી ઝાપટાની સાથે કરા પણ પડ્યા હતા.

કમોસમી વરસાદ અને કરા પડવાને કારણે ગરમીથી તો રાહત મળી છે, પરંતુ ખેડૂતોમાં પાકને નુકસાન થવાની ચિંતા જોવા મળી રહી છે. ધોમધખતા તાપ વચ્ચે અચાનક આવેલા આ વરસાદી ઝાપટાથી જનજીવન પ્રભાવિત થયું હતું.

રાજ્યમાં 29 માર્ચના કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની શક્યતા છે. જ્યારે 30 માર્ચે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં વરસાદની આગાહી છે. 28 માર્ચની રાતથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે આ ફેરફાર જોવા મળશે તેમ હવામાન વિભાગના નિયામક ડો.એ કે દાસે જણાવ્યું હતું.

---

## ભચાઉ-વિશ્વ ક્ષય દિવસ-ઉજવણી:

સી.એચ.સી. ભચાઉ અને 'મેરા યુવા ભારત - ભુજ'ના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડો. રોહિત ભીલ અને અધિક્ષક ડો. કે. કુમાર દ્વારા ૭ ટી.બી. મુક્ત પંચાયતના સરપંચો તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર ખાનગી

તબીબો અને આરોગ્ય કર્મચારીઓને શીલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ટી.બી. જનજાગૃતિ અને જનભાગીદારીના મહત્વ વિશે માર્ગદર્શન અપાયું હતું. આ તકે નિક્ષય મિત્ર બનેલા દાતાઓના હસ્તે જરૂરતમંદ દર્દીઓને રાશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની વિવિધ ટીમોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## ચૈત્રી નવરાત્રી-માતાના મઢ:

ચૈત્રી નવરાત્રીના સાતમા નોરતે આજે કચ્છનાં પ્રખ્યાત યાત્રાધામ આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે રાત્રે હવન વિધિ યોજાશે. જાગીર અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્ર સિંહજીના હસ્તે હવનમાં શ્રીફળ હોમવાની વિધિ સાથે નવરાત્રી  પર્વ ચરમ સીમાએ પહોંચશે. ભુજના આશાપુરા માતાજીના મંદિરે  પણ આજે રાત્રે હવન યોજાશે.

---------------------------------------------------------------------------------------------------

## PGVCL-મેગા ડ્રાઈવ:

માર્ચ મહિનો પૂર્ણ થવાને આરે છે ત્યારે સરકારી વિભાગો બાકી લેણાં વસૂલવા માટે સક્રિય બન્યા છે. પશ્ચિમ કચ્છ વીજ વર્તુળ કચેરી **(PGVCL)** દ્વારા મંગળવારે બાકી વીજ બિલની વસૂલાત માટે આક્રમક ‘મેગા ડ્રાઈવ’ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીમાં ભુજ, માંડવી અને નખત્રાણા ડિવિઝનની કુલ ૨૦૨ ટીમો જોડાઈ હતી. દિવસભર ચાલેલી આ ઝુંબેશ દરમિયાન, જે ગ્રાહકોના લાંબા સમયથી બિલ બાકી હતા તેવા ૩,૭૯૧ વીજ કનેક્શન સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા. આ કામગીરીના પગલે કુલ રૂપિયા **2.27** કરોડ જેવી માતબર રકમની વસૂલાત કરવામાં સફળતા મળી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષના અંત સુધી આ ઝુંબેશ હજુ વધુ તેજ બનાવવામાં આવશે. જે ગ્રાહકોના બિલ બાકી છે તેમને વહેલી તકે ચુકવણી કરવા અપીલ કરવામાં આવી છે.

---

## અબડાસા મતવિસ્તાર-વિકાસકામોનું ખાતમુહૂર્ત:

રાજ્યના માર્ગ-મકાન (પંચાયત) વિભાગ હસ્તક અબડાસા મતવિસ્તારના ચાર ગામોમાં મંજૂર થયેલા રૂ. 305.22 લાખના વિકાસકામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કામોમાં રામપર એપ્રોચ રોડ, ઉખેડા-કાદિયા નાળાનું કામ, આધોછની-દેવપર રસ્તો અને પાલનપુર-બાડી એપ્રોચ રોડનો સમાવેશ થાય છે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં શિક્ષણ, આરોગ્ય અને રસ્તાના અભૂતપૂર્વ કામો થયા છે.

---